ક્રમાંકઃ ક/જમન/ટે.૯/ ૧૪૭૨ /૨૦૧૬-૧૭
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી,
કચ્છ પૂર્વ વન વિભાગ,
ભુજ - કચ્છ. તા૨૩/૦૧/૨૦૧૭

પ્રતિ,
ઓથોરાઈઝ અધિકારીશ્રી,
અદાણી પોર્ટ એન્ડ એસઈઝેડ લી.
અદાણી હાઉસ,
પોસ્ટ બોક્સ. ન.૧,
મુન્દ્રા–કચ્છ.

વિષયઃ– એપ્લીકેશન ફોર ડાયવર્ઝન ઓફ ૪.૦૪ હે.ફોરેસ્ટ લેન્ડ ફોર ડેવલોપમેન્ટ ઓફ એસ.ઈ.ઝેડ યુટીલીટી એન્ડ ઈન્ફ્રાસ્ટકચર ક્રોસીગ ફેસીલીટી ઈન મુન્દ્રા તાલુકો. જીલ્લો :– કચ્છ (ગુજરાત)

સંદર્ભ :– તેઓ ના પત્ર નં.એપીએસઈઝેડ/એફસીએ/૪.૦૪/૨૦૧૬ તા.૨૫/૫/૨૦૧૬.

જય ભારત સાથ ઉપરોક્ત વિષયાન્વેની આપની ભારતીય વન સંરક્ષણ ધારા–૧૯૮૦ મુજબની હે.૪.૦૪ આરે ડાયવર્ઝન ની દરખાસ્ત સંદર્ભ દર્શીતપત્ર થી અત્રેને મળેલ છે.જેની ચકાસણી કરતા નીચે મુજબની ક્ષતીઓ/અધુરાસ જણાય આવેલ છે.જેથી અસલ દરખાસ્ત પાંચ નકલમાં પરત કરવામાં આવે છે.તો મુદા વાઈઝ પુર્તતા કરી અત્રે સાદર કરવી.

૧: ભારતીય વન સરક્ષણ ધારો–૧૯૮૦ મુજબની ચેકલીસ્ટ મુજબ ના એનેક્ષર પ્રમાણે ફાઈલીગ કરવામાં આવેલ નથી. જેથી નિયત કરેલ ચેક લીસ્ટ મુજબ એનેક્ષર દર્શાવવા.
૨: યુઝર એજન્સી દ્રારા ઓનલાઈન કરવામાં આવેલ પાર્ટ–I ની નકલ એનેક્ષર મુજબ જોડવામાં આવેલ નથી.
૩: વળતર વનીકરણ માટે આપવાની થતી બાહેધરી/અન્ડર ટેકીગ યોગ્ય રીતે આપવામાં આવેલ નથી.
૪: વળતર વનીકરણ માટે આપવાની થતી બિન–જંગલ જમીન તેમાં આપવાની થતી જમીન ના જીલ્લો,તાલુકાનુ નામ,ગામનું નામ,સ.ન.તથા વિસ્તાર દર્શાવેલ નથી.જે દર્શાવવાના રહેસે.
૫: આઈટમ ન.૭ માં ગામ નું નામ દર્શાવેલ નથી.તથા દર્શાવેલ વિસ્તાર હે.૪.૦૪ આરેનું લંબાઈ*પહોળાઈ નુ બ્રેકઅપ આપવામાં આવેલ નથી.
૬: આઈટમ ન.૧૫માં આપવાનું થતું એફઆરએ–૨૦૦૬ નુંપ્રમાણપત્ર આપવામાં આવેલ નથી.તથા જો આપવાનું ન થતું હોય તો દર્શાવેલ જીઆર ની નકલ જોડવામાં આવેલ નથી. જે નકલ જોડવી.
૭: સર્વે ઓફ ઇન્ડીયાની સ્કેલ માપ ૧ : ૫૦૦૦૦ ની ફુલસાઇઝ ની ટોપોસીસ્ટ સામેલ રાખવી.
૮: માંગણીવાળી ડાયવર્ઝન જમીન તથા વતળતર વનીકરણ માટે આપવાની થતી જમીનનો દર્શાવતો નકશો સામેલ રાખી નથી . જે સામેલ રાખી દરખાસ્ત સાદર કરવી.
૯: અનેક્ષર–૩૨ મુજબનો આપવાનો થતો DGPS map માંગણીવાળો વિસ્તાર સ્પષ્ટ થતો નથી કે માંગણીવાળા વિસ્તારના જીપીએસ કોડી. દર્શાવેલ નથી, જે DGPS map ફુલસાઇઝ સહ જીપીએસ કોડી. દર્શાવી સામેલ રાખવો.
૧૦. એને.–૩૩ મુજબ નોનલીનીયર પ્રોજેકટ માટે લેઆઉટ પ્લાન આપવાનો થતો હોય સામેલ રાખવો. અન્યથા સદર બાબતે સ્પષ્ટતા કરવી.
૧૧: એને.૩૪ મુજબ જીઓ રેફ. મેપ સામેલ રાખવામાં આવેલ નથી. જે સામેલ રાખવો.
૧૨: એને.૩૫ મુજબ અલટરનેટીવ રુટનો મેપ સામેલ રાખવો. અન્યથા સદર બાબતે સ્પષ્ટતા કરવી.
૧૩: ફાઇલમાં ચેકલીસ્ટ મુજબ એનેક્ષરવાઇઝ એનેક્ષર નંબર દર્શાવી સીરીઝ મુજબ ફાઇલમાં સામેલ રાખવા.
૧૪: આપના દવારા મોકલેલ ફાઇલ જોતા સદર ફાઇલમાં દોરીનો ઉપયોગ કરેલ છે. જેના કારણો અત્રેથી આપવાના થતાં એનેક્ષર સદર ફાઇલમાં રાખવા માટે વધુ સમયનો બગાડ થાય છે તેમજ પેજ દોરીના કારણે ફાટી જવાની સંભાવના ખુબજ રહે છે તેમજ સદર ફાઇલો ભારતસરકારશ્રી સુધી મોકલવાની હોવાથી તથા સદર ફાઇલને રેકર્ડમાં કાયમી ધોરણે સાચવવાની હોવાથી સદર ફાઇલો નવેસર સ્પ્રીગવાળી અને ઉચ્ચગુણવત્તાવાળી ફાઇલો મોકલી આપવા વિનંતી છે.

(એ.સી.પટેલ)
નાયબ વન સરક્ષક
કચ્છ પુર્વ વન વિભાગ,ભુજ.